સેવા---- સહકાર---- સંગઠન---

સિનીયર સિટીઝન વિકાસ મંડળ ચાંદખેડા અમદાવાદ.

(ર જી.નંબરઃ-ઈ૧૪૧૩ ગાંધીનગર.(જુનો)ઈ૨૧૨૯૬ અમદાવાદ(નવો)

દ્વિવાર્ષિક અહેવાલ ૧/૪/૧૯.થી ૩૧ .૦૩.૨૧

અતીતના આયના માં ડોકીયું.

માનવંતા સભાસદો ,સાદર વંદન.

કોવીદ ૧૯(કોરોના મહામારી) ના આ કપરા કાળ આપણાં ૧૬ સાથીઓ આપણને છોડી ગયા છે,જેમના પૂણ્ય સ્મરણ વગર આ અહેવાલ નો પ્રારંભ ન કરી શકાય. કોરોના કાળ દરમીયાન આપણી વચ્ચેથી જૂન ૨૧ સુધી માં કાયમી વિદાય લઈ ગયેલ ૧૬ સાથીઓ ના નામ નીચે પ્રમાણે છે.

૧શ્રી મરદાભાઈ કુંવરભાઈ પટેલ ૨ શ્રી શ્રેષ્ઠનારાયઅણ સિંહ જુગલસિંહ ૩શ્રી નરેન્દ્રસિંહ નારાયણસિંહ ચૌહાણ ૪શ્રી ગોવિંદભાઈ જી.શાહ

૫ શ્રી ચતુરભાઈ ધૂળાભાઈ ચૌહાણ ૬ શ્રી ભૈયાલાલ નંદીલાલ ચોકીકર ૭ શ્રી અમૃતલાલ મગનલાલ પારેખ ૮ શ્રી દિનેશભાઈ એન. તલાટી

૯ શ્રી કનુભાઈ મોહનલાલ ઓઝા ૧૦ શ્રી જસવન્તલાલ આર. દરજી ૧૧ શ્રી ચીમનભાઈ ગફુરભાઈ રાઠોડ ૧૨ શ્રી કીરીટભાઈ બી.દરજી

૧૩ શ્રી રસિકલાલ ઈશ્વરલાલ પંડિત. ૧૪ શ્રી રમેશચંદ્ર રતીલાલ મહેતા.૧૫ શ્રી બાબુભાઈ કે પરમાર ૧૬ શ્રી અમૃતલાલ અખાણી.

આપણે જે સાથીઓ ગુમાવ્યા છે તેથી આ સંસ્થાને કદી ન પૂરી શકાય એવી ખોટ પડી છે,અને સંસ્થા,તેના હોદ્દેદારો,કારોબારી સભ્યો અને સમસ્ત સિનિયર સિટીઝન પરિવાર,દિવગંત સાથીઓ ના પરિવારો ને પોતાની સંવેદના પાઠવે છે. સ્વજન , અને કુટુંબ ના મોભી ની વિદાય ની આ વસમી ઘડીયે ,સમગ્ર સિનીયર સિટીઝન પરિવાર તેમની સાથે ઉભો છે,અને શોક ની લાગણી માં સહભાગી બને છે. પરમ કૃપાળુ પરમાત્મા સમગ્ર શોક સંતપ્ત પરિવારો ને અકાળે આવી પડેલ આ આપત્તિ ને જીરવવાની શકિત આપે , અને સદગત ના આત્માઓ ને ચિરઃ શાંતિ આપે એજ પ્રાર્થના.

કોવીદ-૧૯ ની મહામારી ને કારણે આપણાં મંડળ ની વર્ષ ૨૦૨૦ ની વાર્ષિક જનરલ મિટિંગ યોજી શકાઈ નથી, પણ હવે બે વર્ષે ,જયારે એ નિમિત્તે આપણે એકત્રિત થવાના છીએ ત્યારે, ગત બંન્ને વર્ષની પ્રવૃત્તિઓ પર નજર નાખવાનું સમયોચિત ગણાશે. ગત બે વર્ષ દરમીયાન આપણાં મંડળે નોધપાત્ર પ્રગતિ કરેલ છે, તે આપ સૌની જાણમાં અને ધ્યાનમાં હશેજ.વર્ષ૧૯-૨૦ દરમીયાન આપણી સંસ્થાની સવાર અને સાંજની સભાઓની રોજબરોજની પ્રવૃત્તિઓ ની સાથોસાથ, જ`વધારાની ઈતર પ્રવૃત્તિઓ હાથ ધરાઈ હતી તેની ટૂંકી વિગત નીચે રજૂ કરેલ છે. જો કે કોવીદ -૧૯ ની મહામારી ના કારણે લાગુ કરાયેલા લોકડાઉન તથા ત્યારબાદ અનલોક ની ગાઈડ લાઈન મુજબ પણ, વરિષ્ટ નાગરિકો માટે ના વિશેશ ખતરાને જોતાં માર્ચ ૨૦૨૦ થી સંસ્થાની રોજબરોજ ની પ્રવૃત્તિઓ સ્થગિત કરાઈ છે, તે આપ સૌ જાણો છો.છતાં આવા કપરા કાળમાં પણ આપણી સંસ્થા સક્રીય રહી છે ,અને અનેક કલ્યાણ પ્રવૃત્તિઓ ને વિકાસકીય કાર્યો હાથ ધરેલ છે, જેની વિગતો પણ આ સાથે પ્રસ્તુત છે.સ્થળ સંકોચ ને કારણે વિગતો ટૂંકાવવી પડેલ છે.

વર્ષ ૨૦૧૯-૨૦૨૦.

૧ તા. ૪-૪-૧૯-૫.૪.૧૯ ના રોજ બે દિવસીય બસ પ્રવાસઃ- ગીઓદ અંબાજી, શામલાજી,અને શામળીયા શેઠ- મંદિર ના દર્શન કરી, ઉદયપુર ગુજરાતી સમાજ માં રાત્રી રોકાણ કરી, બીજે દિવસે નાથદ્વારા દર્શન અને બપોરનું ભોજન પતાવી પાછા ફરતાં કેસરીયાજી ના પ્રખ્યાત જૈન યાત્રાધામ ની મુલાકાત/દર્શન નો લાભ લઈ,રાત્રે ૧૨.૦૦- પાછા ફર્યા હતા.

૨ ૮.૦૪.૧૮ લોટીજી મહોત્સવ-:-આ પ્રસંગે યમુનાજી ની ૧૦૮ લોટીજી શોભા યાત્રા દ્વારા વલ્લભધામ હવેલી થી મંડળ ખાતે લાવી અહીં પધરાવી વેશ્નવાચાર્ય શ્રી જયદેવલાલ મહોદયશ્રી ના સાનિધ્ય માં યોજવામાં આવી.

3 ૧૦.૦૪.૧૯ આનંદ નો ગરબોઃ-ચૈત્રી નવરાત્રી નિમિત્તે આ દિવસે જય અંબે માઈ મંડળ દ્વારા આનંદના ગરબા અને અન્ય ભજનોની અભિનય સહીત રજુઆત કરવામાં આવી હતી.

૪ ૧૪.૦૪.૧૯ઃ- બહેરાશ ની તપાસ નો કેમ્પ- એશીયન સ્પીચ એન્ડ હિયરીંગ કિલનીકકોકલીયર ઈમ્પ્લાન્ટ રિહેબ સેન્ટર દ્વારા .

૫ ૧૯.૦૪.૧૯ સુંદર કાંડઃ- હનુમાન જયંતિ નિમિત્તે ૧૯/૪/૧૯ ના રોજ શ્રી કનુભાઈ બારોટ અને તેમના મંડળ દ્વારા સુંદરકાંડ નો પાઠ, સંસ્થાના ભવન ખાતે રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમને અંતે મહાપ્રસાદ(ભોજન) નું આયોજન પણ હતું. આ સમગ્ર પ્રસંગ ચાંદખેડા વોર્દના મ્યુનિસિપલ કાઉન્સિલર અને આપણા શુભેચ્છક શ્રી અરૂણસિંહ રાજપુત ના સહયોગ/સૌજન્ય થી પાર પડયો હતો.આ કાર્ય માટે તેમની તરફથી રૂ.૧૧૦૦૦/- દાન રૂપે મળયા હતા, જેમાંથી તમામ ખર્ચ કરવામાં આવ્યો હતો. સંસ્થા આ માટે શ્રી શ્રી અરૂણસિંહ રાજપુત ની તથા શ્રી કનુભાઈ બારોટ ની આભારી છે.

૬ ફિલ્મ દર્શનઃ- નવા ટી.વી. પર બતાવાતી ફિલ્મો ના ક્રૂમમાં ફિલ્મ બૈજુ બાવરા,બોર્ડર,દો આંખે ભારહ હાથ,નવરંગ વગેરે બતાવાઈ હતી.

૭ ૨૩.૪.૧૮ તા.૨૩.૦૪.૧૯ ના લોકસભા માટેના મતદાન ને અનુલક્ષીને મતદાન માટે જાગ્રૃતિ માટે ૫૦૦ પ્રત અપીલ નું વિતરણ.

૮ ૯-૫-૧૯ઃ- ડાયાબીટીસ ના રોગ અંગે માર્ગદર્શનઃ સાબરમતી-રામનગર ના પ્રસિધ્ધ તબીબ ડો. બાદલાણી સાહેબ દ્વારા અપાયું.

૯ ૧૯.૫.૧૯ઃ- સંસ્થાના શુભચિંતક શ્રી બીપીનભાઈ નાયક દ્વારા તા.૧૯.૫.૧૯ ના રોજ બ્રહુચરાજી-ભકત વલ્લભધોળા ની વાવ ખાતે વિખ્યાત સુંદરકાંડ ગાયક શ્રી નંદકીશોર શસ્ત્રીજી ના સુંદરકાંડ નો પાઠ રાખવામાં આવેલ, જેમાં તેઓ સંસ્થાના૪૦ સભ્યોને લગ્ઝરી બસદ્વારા લઈ ગયેલ.પ્રસાદ/ભોજન ગ્રહણ કરી, માં બહુચરાજી અને શંખલપુર મંદિરોમાં દર્શન નો લાભ લઈ, સાંજે ૪.૦૦ વાગે પાછા ફ્ર્યા હતા.આ કાર્યક્રૂમ માટે સંસ્થા શ્રી બીપીનભાઈ નાયક ની આભારી છે.

૧૦ ૨૦.૬.૧૯/૨૩.૦૬.૧૯ આપણે આપણાં સામાજિક દાયિત્વના નીભાવના ભાગ રૂપે ગાંદાી આશ્રમ સ્થિત છાત્રાલયનાં ૧૦૦ ગરીબ બાળકોને લખવા માટેના ચોપડા અને વિધ્યાર્થિનીઓ ને માથાની રીબીનનું વિતરણ કર્યુ હતું ,તથા ખોડીયાર નગર સ્થિત સરકારી શાળાનાં ૨૭ તેજસ્વિ છાત્રોને ઈનામ રૂપે સ્કુલબેગ, કલર સેટ, સાધનો સાથેના કંપાસ બોકસ,લંચ બોકસ, વગેરેનું વિતરણ કર્યુ હતું અને શાળાના બધાજ ૨૩૦ બાળકોને એક એક સ્ટેશનરી પાઉચ(પેન,પેન્સિલ, ફુટ,રબ્બર, શાર્પનર નું વિતરણ કર્ય હતું.

૧૧ ૨૧.૬.૧૯ આ દિવસે(યેગ દિવસ) દિવ્ય જયોતિ જાગ્રૃતિ સંસ્થાન- ચાંદખેડા ની સાધ્વિી બહેનો દ્વવારા મંડળ ખાતે માર્ગદર્શન.

૧૨ તા.૩૦.૦૬.૨૦૧૯ ના રોજ પાંચ ધોરણ થી માંડી ધોરણ ૧૨ સુધીના સંસ્થાના સભ્યોના પરિવારન તેજસ્વી બાળકોને ઈનામ વિતરણ કરાયું હતું.આ પ્રસંગે વાઘ બકરી ચા નાં મેનેજીંગ ડિરેકટર શ્રી દેસાઈ સાહેબે પણ હાજરી આપી હતી, અને બાળકોને ઈનામ વિતરણ કર્યુ હતુ, તથા પ્રેરક સંબોધન પણ કયું હતું. ધોરણ ૯ સુધીના બાળકોને જે તે ધોરણને અનુકૂળ સ્કુલ બેગ,પેન, વોટર બોટલ, કંપાસ બોક્ષ સેટ, અને લખવાના ચોપડા ઈનામ તરીકે અપાયા હતા, જયારે ધોરણ ૧૦ થી ૧૨ ના છાત્રોને કેલ્કયુલેટર,પેનડ્રાઈવ,ડિક્ષનેરી, લખવાના ચોપડા,હાઈ લાઈટર વગેરે આપવામાં આવ્યા હતા. કાર્યક્રૂમ માટે લગભગ રૂ ૧૨૦૦૦/- ની રકમ સભ્યશ્રીઓના ઉદાર ફાળાથી ભગી થઈ હતી, શ્રી દેસાઈ સાહેબ તરફથી પણ રૂ.૧૦૦૦/- ના દાન ની જાહેરાત થઈ હતી, જેનો ઉપયોગ સ્વાતંત્ર્ય દિને કરાયો હતો. સર્વ બાળકો માટે ભોજનનું આયોજન પણ કરાયું હતું.

૧૩ શેડ નું એક્ષ્ટેન્શનઃ- સંસ્થાના પરિસર ના ખુલ્લા લગભગ ૫૫૦ ચોરસ ફૂટ ના ભાગને શેડ વડે કવર કરવાનું કામ જુલાઈ માસ માં શરૂ થયું હતુ, આ સાથેજ પાછળ નો ગેટ બદલાવવો, પગથિયા પાસે બીજી રેલિંગ નાખવી,ફેન્સિંગ ના બાકીના ગાળા પુરવા, શેડનું ઈલેકિટ્રફિકેશનનું કામ, નવા પંખા, ટયુબ લાઇટો, આખા ભવનમાં અર્થિંગ આપવું, કાઢી નાખેલ જુના ગેટ માથી કેટરિંગ માટે ટેબલ બનાવવું, ઈલેકિટ્રક મીટર ખસેડવું, વગેરે ઘણાં કામ કરાવવામાં આવ્યા હતા. આ કાર્ય ના મુખ્ય દાત શ્રી પ્રકાશભાઈ શાહ ના હસ્તે વધારેલા શેડને તા.૧૪.૮.૧૯ ના રોજ ખુલ્લો મુકાયો હતો. આ કાર્યનો કુલ ખર્ચ રૂ.૮૫૦૦૦/- થી પણ વધુ થયો છે, જે પૈકિ સંસ્થાએ માત્ર ચાર નવા પંખા નો રૂ.૪૮૦૦/- નો ખર્ચ ભોગવેલ છે, જયારે.૧૫,૦૦૦/- નો ખર્ચ શ્રી ઓમપ્રકાશ વોરા એ, અને બાકીનો રૂ.૬૫ હજારથી વધુનો ખર્ચ શ્રી પ્રકાશભાઈ શાહે ઉપાડેલ છે. સંસ્થા આ ઉદાર સહાયતા માટે તેમનો આભાર માને છે.

૧૪ વૈદરાજ દ્વારા ચિકિત્સાઃ- મોટેરા ખાતે કિલનિક ધરાવતા નાડી વૈધ્ય શ્રી વિરેન્દ્ર મોદી દ્વારા માસ જુલાઈ અને ઓગસ્ટ માં દર મહીનાના બીજા અને ચોથા રવીવારે દસ થી બાર સુધી સંસ્થા ખાતે સલાહ,સારવાર આપવામાં આવ્યા હતા.

૧૫ ૧.૮.૧૯:-શ્રી મયુરભાઈ રાવલ દ્વારા સમર્પણ ધ્યાન અંગે ખુબજ તલસ્પર્શી માહિતિ ઉદાહરણો સહીત આપવામાં આવી હતી.

૧૬ ૧૫.૮.૧૯ આ વખતે પણ ૧૫-૦૮-૧૯ ના સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી પરંપરાગત રીતે ધ્વજવંદન, રાષ્ટ્રગીતનું અને ઝાંડા ગીતનું ગાન, દેશભકિત ના ગીતોનું ગાન, અને સમયોચીત સંબોધનો દ્વારા કરવામાં આવી હતી. તા.૧૩.૦૮.૧૯ ના રોજ સાંધ્ય સભામાં દિવાસળી ગોઠવીને પંચાકોણ બનાવવાની યોજાયેલ રમત સ્પર્ધા ના ઈનામો પણ સ્વાતંત્ર્યદિને અપાયા હતા.

૧૭ ૧૬.૮.૧૯ માધવબાગ આર્યુવેદિક કિલનિક દ્વારા તે સંસ્થાના નિષ્ણાત ડોકટર દ્વારા મધુપ્રમેહ, હાર્ટ એટેક જાડાપણું વગેરે રોગો અંગે ઉપયોગી માહિતિ અપાઈ હતી, અને પ્રશ્નોત્તર રૂપે પણ સભ્યશ્રીઓની શંકાઓનું સમાધાન કર્યુ હતું

૧૮ ૧૮.૮-૨૧.૮ દ્વારકા પ્રવાસઃ- તા.૧૮.૦૮.૧૯ થી ૨૧.૦૮.૧૯ નો ત્રિદીવસીય પ્રવાસ જી.બી. ટ્રાવેલ્સ ના નેજા તળે સંસ્થા નાં૧૬ સભ્યોએ કર્યો હતો, જેમાં દ્વારકા, નાગેશ્વર જયોતિર્લિંગ. બેટ દ્વવારકા, હર્ષદમાતા, સોમનાથ જયોતિર્લિંગ,જૂનાગઢ, પરબ( સંત દેવીદાસ ની જગા) ખોડલધામ કાગવડ, અને વીરપુર જેવા ધાર્મિક સ્થળોની પવિત્ર શ્રાવણ માસમાં યાત્રા કરી હતી.

૧૯ ૨૫.૮.૧૯ જન્માષ્ટમી-નંદ મહોત્સવઃ- જન્માષ્ટમીના ઉત્સવની ઉજવણી પ્રસંગે રાત્રે ૧૦ થી ૧૨ ભજનો ના કાર્યક્રમ પછી કૃષ્ણ જન્મ દર્શનનો લાભ લીધો હતો. બીજે દિવસે નાચગાન સાથે નંદ મહોત્સવ ઉજવી ઉત્સવની પુર્ણાહુતિ માખણ મિશ્રી ના પ્રસાદ સાથે થઈ હતી. આ ઉપ્રાંત પણ હોળી-દિવાળી નવરાત્રી જેવા સમજીક તથા આંતર રાષ્ટ્રિય યોગ દિન, સિનીયર સિટીઝન ડે, ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ જેવા વિશેષ દિનોની ઉજવણી પણ સંસ્થા ખાતે રંગેચંગે ઉજવણી કરાઈ હતી.

૨૦ ૨૭.૮.૧૯ શ્રાવણમાસ ના સોમવાર નિમિત્તે શ્રી બીપીનભાઈ નાયકદ્વારા સાંજે સભ્યો માટે ફલાહાર ની વ્યવસ્થા કરવામાં આવી હતી.

૨૧ ૩/૯/૧૯:- ના રોજ સંસ્થા ની નવી કારોબારી ની લોકશાહી ઢબે ચુંટણી દ્વારા રચના કરવામાં આવી હતી. ચુંટાઈ આવેલ નવી કારોબારીમાં ૯જૂના-૬ નવા સભ્યો સ્થાન પામ્યા છે, આમ વર્તમાન નવી કારોબારી માં અનુભવ અને નવા જોશનો સમન્વય થયેલ છે.૯/૯/૧૯ ના રોજ કારોબારી મિટંગ માં પ્રમુખપદે શ્રી બીપીનભાઈ જાડજા ના નેત્રૃત્વ તળે હોદદેદારો ની વરણી કરાઈ હતી,અને-પ્રથમ બેઠકમાંજ પ્રત્યેક કારોબારી સભ્ય દ્વારા રૂ.૧૦૦૦/- ના સહયોગની જાહેરાત કરવામાં આવી હતી.વર્ષ ૨૦-૨૧ માં પણ ફરી થી રૂ ૧૦૦૦/- નું દાન પ્રત્યેક કારોબારી સભ્યશ્રી એ આપેલ છે.સંસ્થા વર્તમાન કારોબારી સભ્યો ને અભિનંદન આપેછે, અને નિવૃત્ત કારોબારી સભ્યો ના કાર્યો,સેવા અને નિશ્ઠા ની સરાહના કરેછે.

૨૨ ૯/૯/૧૯:- મૃત્યુ સહાય યોજનાઃ- તા.૯/૯/૨૦ ની સાંધ્ય સભામાં નિવૃત્ત પ્રમુખ શ્રી ઓમપ્રકાશ ડી વોરા દ્વારા દેવલોક પામતા સંસ્થાના સભ્યો ના હયાત જીવન સાથી ને રૂ.૫૦૦૦/- ની સહાય આપવાની મૃત્યુ સહાય યોજના ની જાહેરાત કરી હતી..આ માટે સહાય ના પ્રત્યેક પ્રસંગે શ્રી ઓમપ્રકાશ વોરા દ્વારા રૂ.૩૦૦૦/- શ્રી પ્રકાશભાઈ શાહ દ્વારા રૂ.૧૦૦૦/- અને શ્રી પ્રવીણભાઈ લંગાળીયા તથા શ્રી ભીખાભાઈ પરમાર,પ્રત્યેક દ્વારા રૂ.૫૦૦-૫૦૦ ની સહાયતા અપાશે.આ યોજના નો આરંભ તા.૧/૯/૧૯

કરાયેલ છે.કોરોના કાળ દરમિયાન ૪ કિસ્સામાં આવી સહાયરૂપે કૂલ રૂ.૨૦,૦૦૦/- દાતા સભ્યોના સહકાર થી ચુકવવામાં આવ્યા છે.

૨૩ ૧૫.૯.૧૯ ના રોજ શ્રી લંગાળીયાભાઈ સહમંત્રી શ્રી દ્વારા સંસ્થા ખાતે સાંજે સુંદરકાંડ નો પાઠ રાખવામાં આવ્યો હતો.

૨૪ ૧૭.૯.૧૯ સુંદરકાંડ-આપણી સંસ્થા ના શુભેચ્છક શ્રી કીરીટભાઈ પટેલ દ્વારા તા.૧૭.૦૯.૧૯ ના રોજ સંસ્થા ખાતે સાંજે સુંદરકાંડ નો પાઠ રાખવામાં આવ્યો હતો,જેમાં ગાંધીનગર થી આવેલ મંડળ દ્વારા સુંદરકાંડ ની ભકિતમય રજુઆત કરવામાં આવી હતી. કાર્યક્રમ ના અંતે પ્રસાદ અને ભોજન ની વ્યવસ્થા શ્રી કીરીટભાઈ પટેલ દ્વારા કરાઈ હતી.

૨૫ સર્વપિત્રુ શ્રાધ્ધઃ- પ્રમુખ શ્રી બીપીનભાઈ જાડેજા ની પ્રેરણાથી સંસ્થા ખાતે શ્રાધ્ધ પક્ષ ના અંતિમ દિવસે સર્વ પિત્રુ શ્રાધ્ધ નું આયોજન કરાયું હતું, જેમાં શાસ્ત્રોકત વિધાન પુર્વક સર્વપિત્રુ શ્રાધ્ધ ની વિધિ કરાઈ હતી. અને કાર્યક્રમ ને અંતે બધા માટે ભોજન નો પ્રબંધ કરવામાં આવ્યો હતો.

૨૬ ૫.૧૦.૧૯ઃ- ફીઝીઓથેરેપી કેમ્પઃ- તા.૫.૧૦.૧૯ ના રોજ આકાર ફીઝીઓથેરેપી સેન્ટર ની ૮ સભ્યો ની ટીમ દ્વારા ટીમ દ્વારા સંસ્થા ખાતે સવારે ૯ થી ૧ વાગ્યા સુધી ફીઝીઓથેરેપી કેંપ રાખ્યો તો, જેમાં શારીરીક સમસ્યા સંબંધી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. ૧૯-૧૦-૧૯- વાર્ષિક દિન અને ત્રતિય સ્નેહ સંમેલન ઉજવણીઃ-

૨૭ તા. ૧૯.૧૦.૧૯ ના રોજ સંસ્થાના ૧૪ મા વાર્ષિક દિન અને ત્રતિય સ્નેહ સંમેલનની ઉજવણી હતી.તે પ્રસંગે મુખ્ય મહેમાનો તરીકે ધારાસભ્ય શ્રી શંભૂજી ઠાકોર સાહેબ,અને અન્ય સન્માનનીય મહેમાનો તરીકે શ્રી પરીહાર સાહેબ, મ્યુનિ. કાઉનસિલરો શ્રી અરૂણસિહ રાજપૂત અને કલ્પનબેન વૈદય, અને શ્રી રાજેન્દ્રભાઈ ડી. પટેલ(રાજુભાઈ)પૂર્વ મ્યુનિ. કાઉનસિલરશ્રી એ ઉપસ્થિત રહી સમારંભની શોભા વધારી હતી.સમારંભ દરમયિાન વર્ષ ૧૯૪૯ માં જન્મેલ અને આ વર્ષે ૭૦ વર્ષ પૂરા કરનાર ૧૧ સભ્યશ્રીઓ નું સન્માન શાલ ઓઢાડી કરવામાં આવ્યું હતુ.આ ઉપરાંત શ્રી પ્રકાશભાઈ શાહનું સન્માન મુખ્ય દાનવીર તરીકે કરવામાં આવ્યુ હતુ. સંસ્થા ના સભ્યો ને નિશુલ્ક વૈદકીય સારવાર આપનારા શ્રી વિરેન્દ્રભાઈ મોદી નું પણ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું, સંસ્થાના જન્મદિન(સ્થાપનાદિન) ની સાથેજ ઓકટોબર માસ માં જન્મેલ સભ્યશ્રીઓ નો જન્મદિન પણ કેક કાપીને તથા હારતોરા કરીને ઉજવવામાં આવ્યો હતો. આ સાથેજ સંસ્થાનું ત્રતીય સ્નેહ સંમેલન પણ રાખવામાં આવ્યું હતું, જેમાં સભ્યશ્રીઓ ના પરિવાર જનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનાં અંતે મહેમાનોએ પ્રસંગોચિત અને મનનીય ઉદબોધન કર્યું હતું. આ પ્રસંગે થયેલ ખર્ચમાં સભ્યો ને હાદદેદારો તરફથી ઉદાર હાથે ફાળો મળયો હતો,જેની વિગતો ડોનેશન લીસ્ટમાં આપેલ છે.

૨૮ દિવાળી નિમિત્તે મિઠાઈ વિતરણઃ-તા. ૧૫.૧૧.૧૯ ને દિપોત્સવિ ના પ્રસંગે જરૂરિયાતમંદ કુટુંબોને પ્રત્યેક રૂ.૧૦૦/-ના એવા ૧૭૦ મિઠાઈ ના બોકસનું વિતરણ કરવામાં આવ્યું હતું.મિઠાઈ બોકસનું વિતરણ ઝુંપડે ઝુંપડે જઈ,વાસ્તવિક જરૂરતમંદોને સંસ્થા ના સભ્યો દ્વારાજ કરવામાં આવ્યું હતું.

૨૯ ૩૦/૧૧/૧૯- ના જન્મદિન ઉજવણી કાર્યક્રમ ના પ્રસંગે સીનીયર સીટીઝન ને મળતા લાભો અને તેમની સમસ્યાઓ અંગે ની બુક ના લેખક શ્રી જીતેન્દ્ર જયંતીલાલ જોષી-રિટાયર્ડ એડીશનલ કલેકટરશ્રી દ્વારા સંસ્થાના સ્ભ્યશ્રીઓ ને બહુમુલ્ય માર્ગદર્શન અપાચું હતુ.

૩૦ ૩૧-૧૨-૧૯ ડાયરી વિતરણઃ-શ્રી રાજેન્દ્રસિંહજી પરિહાર સાહેબ દ્વારા તેમના સ્વર્ગસ્થ પત્નિ સ્વ.શશિ પરિહાર ની સપ્રેમ સ્મૃતિ ભેંટ રૂપે નવી ટેલીફોન ડાયરી પોતાના ખર્ચે ખરીદી ને સંસ્થાને પુરી પાડવામાં આવી હતી,જેમાં વર્તમાન સભ્યશ્રીઓ ની માહીતી અને અન્ય ઉપયોગી માહિતી છપાવવામાં આવી હતી,જેનો રૂ.૪૫૦૦/- નો ખર્ચ પણ શ્રી પરિહાર સાહેબ દ્વારા આપવામાં આવ્યો હતો.તા.૩૧.૧૨.૧૯ ના રોજ નવી ટેલીફોન ડાયરી નું વિતરણ શ્રી પરિહાર સાહેબ ના હસ્તેજ કરવામાં આવ્યું હતુ.સંસ્થા આ ઉમદા કાર્ય માટે શ્રી પરિહાર સાહેબ દ્વારા નો આભાર માને છે.

૩૧ જાન્યુઆરી-૧૯ સ્ટેચુઓફ યુનિટી પ્રવાસ.દુનિયાની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચુ ઓફ યુનિટી(સરદાર વલ્લભભાઈ પટેલ ની પ્રતિમા)નો પ્રવાસ બસ દ્વારા કલા સૂર્યા ફાઉન્ડેશન ના સહયોગ થી(સંગીતાબેન અને તેમની ઉત્સાહી ટીમ સાથે) યોજાવામાં આવ્યો.

૩૨ નિબંધ સ્પર્ધા માં ઈનામઃ-કર્મા ફાઉન્ડેશન-સહારા ઈનીશ્યેટિવ દ્વારા આયોજિત વરિષ્ઠ નાગરિકો માટે ની ગુજરાત વ્યાપી નિબંધ સ્પર્ધામાં આપણા મંડળ ના ત્રણ સભ્યો (શ્રી ઓમપ્રકાશ વોરા,શ્રી રાજેન્દ્રભાઈ રાવલ,અને શ્રી અમૃતભાઈ મકવાણા) ની કૃતિઓ ને વિજેતા ઘોષિત કરવામાં આવેલ, અને ફેબ્રુઆરી ૨૦ માં સ્પોર્ટસકલબ ખાતે સમારોહ માં તેમને સર્ટિફિકેટ/શિલ્ડ આપવામાં આવ્યા હતા.સંસ્થા દ્વારા તેમને અભિનંદન.

૩૩ ૯૦વર્ષ થી વધુ વયનાનું સન્માન-ટાગોર હોલ અમ્અદાવાદ ખાતે ૯૦ વર્ષ થી વધુ વય ના વરિષ્ઠ નાગરિકો નું સન્માન માનનીય મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં આપણા વરિષ્ઠ સભ્યો શ્રી જાદવજીભાઈ શ્રીમાળી અને શ્રીશાંતિભાઈ મોદી નું સન્માન રાખવામાં આવ્યું હતુ, જે શ્રીશાંતિભાઈ મોદી એ વ્યકિતગત રીતે હાજર રહી સ્વીકાર્યુ હતું,પણ શ્રી શ્રીમાળીભાઈ નાદુરસ્ત તબીયત ને કારણે હાજર રહી શકયા ન હતા.સંસ્થા બંને સભ્યશ્રીઓને અભિનંદન આપે છે,અને સ્વસ્થ ને સુદિર્ઘ આયુષ્ય ની કામના કરે છે.

૩૪ ૨૬.૧.૨૦ આ વખતે ૨૬-૦૧-૨૦ ના ગણતંત્ર દિવસની ઉજવણી પરંપરાગત રીતે ધ્વજવંદન, રાષ્ટ્રગીતનું અને ઝંડાગીતનું ગાન, દેશભકિત ના ગીતોનું ગાન, અને સમયોચીત સંબોધનો દ્વારા કરવામાં આવી હતી. ગણતંત્ર દિવસ અગાઉ સામન્ય ગ્નાનની ચકાસણી કરતી કવીઝ સ્પર્ધા અને અનોખી ભારત દર્શન સ્પર્ધા રખાઈ હતી.જયારે ગણતંત્ર દિવસે બોલ પાસિંગની રમત રમાડવામાં આવી હતી, જે દરેક રમતમાં ઈનામ રાખવામાં આવ્યા હતા, અને ઈનામ વિતરણ ગણતંત્ર દિવસે કરવામાં આવ્યું હતું.

૩૫ કૃષ્ણા શેલ્બી ની મુલાકાત- મેગા સીટી સિનીયરસિટીઝન ફેડરેશન ના શ્રી કે બી બારોટભાઈ ના સૌજન્ય થી આપણા મંડળ ના સભ્યો નું મેડિકલ ચેકઅપ શેલ્બી હોસ્પીટલ (બોપલ)ખાતે રાખવામાં આવ્યું હતું, જેમાં તે હોસ્પિટલ ના નામાંકિત તબીબો દ્વારા વિવિધ રોગો અંગે માર્ગદર્શન ઉપરાંત, બીપી ડાયાબીટીસ અને અન્ય ટેસ્ટ કરાયા હતા.જવા આવવા માટે બસ ની,તથા ચા-નાસ્તા અને સવારના જમણ ની વ્યવસ્થા શેલ્બી હોસ્પિટલ તરફથી કરાઈ હતી.સંસ્થા આ કાર્યક્રમ માટે શ્રી કે બી બારોટભાઈ નો અને શેલ્બી હોસ્પિટલ નો આભાર માને છે.

૩૬ સંગીત કાર્યક્રમ-ચાંદખેડા ટુ-ડેઃ- ચાંદખેડા ટુ-ડેઃના દરજીભાઈ દ્વારા મંડળ ખાતે ગીત-સંગીતન ॥ ભવ્ય કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું,જેમા આવનાર ગાયકવૃંદે રંગબેરંગી વેષભૂષા માં જુના નવા ગીતો રજુ કરી અનોખું મનોરંજન પીરસ્યું હતુ. સંસ્થા આ કાર્યક્રમ માટે શ્રી દરજીભાઈ નો અને ચાંદખેડા ટુ ડે નો આભાર માને છે.

૩૭ ઓ.એન.જી.સી સી.એસ.આર ગ્રાન્ટ માટે પ્રયત્ન-આપણા ઉત્સાહી સહ મંત્રી શ્રી આર.કે.વર્માજી અને પ્રમુખશ્રી બીપીનબાઈ જાડેજા દ્વારા ઓ.એન.જી.સી.પાસેથી સી.એસ.આર ગ્રાન્ટ હેઠળ વિવિધ સાધનો મેળવવા માટે ના પ્રયત્નો અને વિધિ ડિસેંબર ૨૦ થીજ શરૂ કરાયા હતા,અને માર્ચ ૨૦ સુધી માં આ ગ્રાંટ મળવાની પૂરેપૂરી સંભાવના હતી,પરંતુ કોરોના મહામારી ન કારણે લદાયલા લોકડાઉન ને કારણે માર્ચ પહેલા ગ્રાંટ મળી શકી નહોતી પણ જુલાઈ ૨૦ માં મળી હતી, જેની સંપૂર્ણ વિગતો વર્ષ ૨૦-૨૧ ના અહેવાલ માં અપાઈ છે.

કોરોના મહામારી ના વધતા જતા વ્યાપ ને ધ્યાન માં લઈને અને વરિષ્ઠ નાગરિકો ને રહેલ વિશેષ જોખમ ને ધ્યાન માં રાખીને દૂરદર્શિતા વાપરી ને તા.૨૦.૩.૨૦ થી સંસ્થા ની રોજબરોજ ની પ્રવૃત્તિઓ સ્થગીત કરવામાં આવેલ છે

૩૮ વર્ષ ૧૯-૨૦ દરમીયાન જે સભ્યપદ માં થયેલ ફેરફારો.ઃ-૧ શ્રી નેમીચંદજી ગુપ્તા - સભ્યપદ રન્યુિ કરાવેલ નથી.

નવા જોડાયલા સભ્યોઃ- ૧ શ્રીગણેશભાઈ એન ચૌહાણ ૨ શ્રી રમેશ કુમાર એસ. રાવત. ૩ શ્રી પંડિત રસીકભાઈ ઈશ્વરદાસ.૪ શ્રી સુર્યકાંતભાઈ બી.પટેલ. ૫ શ્રી જયંતીલાલ બી. માળવી ૬શ્રી રાઠોડ રણવીરસિંહ કેસરસિંહ ૭ શ્રી ગેહાણી કીસોરભાઈ કીશનચંદ ૮ શ્રી વાલજીભાઈ ગોદડભાઈ વાઘેલા. ૯ શ્રી પંડયા વીનુભાઈ મણીલાલ.૧૦ શ્રી મોદી દિનેશ કુમાર નારણદાસ.૧૧ શ્રી અમૃતલાલ દલપતરામ અખાણી.૧૨ શ્રી મુકુંદરાય પી.લંગાળીયા. ૧૩ શ્રી ભુપેન્દ્રભાઈ શીવશંકરભાઈ.
૩૧.૩.૨૦ ની સભ્ય સંખ્યા.આજીવન-૮ વાર્ષિક ૧૦૦-કુલ ૧૦૮.

# વર્ષ ૨૦-૨૧.ની પ્રવૃત્તિઓ.

કોરોના મહામારી ને લીધે શામાન્ય પ્રવૃત્તિઓ બંધ રહેવા છતાં,આપણી સંસ્થાએ જે અનેકવિધ પ્રવૃત્તિઓ વર્ષ ૨૦-૨૧ દરમીયાન કરેલ છે,તેની વિગત નીચે મુજબ છે.

૧ તા.૨.૬.૨૦ ના રોજ વાડજ માં રેડક્રોસ સંચાલીત વાત્સલ્ય વૃધ્ધાશ્રમ માં વડીલોને ઉપયોગી નીચેના મેડિકલ સાધનો આપવામાં આવ્યા હતા.

૧ બોસ હેન્ડ મિક્ષ્ઈર ૧ આસ્થા સ્ટીમ મશીન ઓમરન બી.પી. માપવાનું મશીન ૧ મેક સ્યોર ડિજિટલ થર્મોમીટર ૨ ગ્લુકો મીટર ૧ ઈલેકટ્રિક હીટીંગ બેગ્સ ૨ ફેસ માસ્કસ ૫૦ (ખર્ચ લગભગ રૂ.૪૫૦૦/- સૌજન્યઃ-શ્રી ઓ.ડી વોરા અને શ્રી પ્રકાશભાઈ શાહ.)આપણા પ્રતિનિધિઓ જો જાતે જઈ આ સાધનો અર્પણ કર્યા હતા.

૨ ઓ.એન.જી.સી ની સી.એસ.આર ગ્રાન્ટઃ- આપણા ઉત્સાહી સહ મંત્રી શ્રી આર.કે.વર્માજી અને પ્રમુખશ્રી બીપીનબાઈ જાડેજા દ્વારા ઓ.એન.જી.સી.પાસેથી સી.એસ.આર ગ્રાન્ટ હેઠળ વિવિધ સાધનો મેળવવા માટે ના પ્રયત્નો અને વિધિજે ડિસેંબર ૨૦ થીજ શરૂ કરાઈ હતી તેના હકારાત્મક પરીણામ જુલાઈ ૨૦ માં મળયા હતા,અને ઓ.એન.જી.સી સી.એસ.આર ગ્રાન્ટ રૂપે રૂ.૨,૩૧,૫૭૦/-નીચેના સાધનો માટે મળયા હતા.

1Comfort Chairs {Cello} -50 Nos. Rs.35000/- 2 Store well steel Almerah-1 No. Rs.9500/- 3 Executive office table- 1No. Rs.10500/- 4 Executive Chair I No. Rs.7500/- 5 T-11 Thermal Massager{Matt Rs.54900/- 6 Roland casioXPS1 No. Rs.45700/- 7 Ceiling fans Havells stealthIndogo Blue-10 Nos Rs.41520/- 8 Simphany Air cooler 35-tough 2 Nos. Rs.26950/- =total cost Rs.2,31,570/-

આમ કોરોના કાળ દરમીયાન અને કાળઝાળ ઉનાળા માં શ્રી વર્માજી અને પ્રમુખશ્રી બીપીનભાઈ જાડેજા એ અથાક પ્રયત્નો દ્વારા કવોટેશન મેળવવા,એમ.ઓ.યુ.ની વિધી પતાવવી, વારંવાર ઓ.એન.જી.સી સી.ઓફિસે જઈ જોઈતા પેપર્સ પુરા પાડવા,જેવી સંકિર્ણ કામગીરીઓ દ્વારા સંસ્થા ને આ લાભ અપાવેલ છે.સંસ્થા એમના પ્રયત્નો ને બીરદાવે છે.આ સહાયનો પ્રથમ હપ્તો રૂ ૧,૧૫,૭૮૫/- ની મળયા પછી બાકીની રૂ ૧,૧૫,૭૮૫/-ની રકમ ઉમેરી સંસ્થા એ બધા સાધનો ની ખરીદી કરી હતી,જેમાં શ્રી રાવલભાઈ,શ્રી લંગાળીયાભાઈ,શ્રી ભીખાભાઈ,અને શ્રી પ્રકાશભાઈ એ ખૂબ જાહેમત લીધી હતી.સી.એ ના બે સર્ટિફિકેટ પણ શ્રી પ્રકાશભાઈ એ મેળવી આપ્યા હતા. ઓ.એન.જી.સી સી.ઓફિસ ની વારંવાર મુલાકાત ઓડીટરશ્રી શ્રીછનાભાઈ પરમાર એ પણ આ કાર્યમાં ફાળો આપ્યો હતો.સાધનો ની ખરીદી પછી ઓ.એન.જી.સી સી.તરફથી રૂ ૧,૧૫,૭૮૫/-નો બીજો હપ્તો મળયો હતો.આ કાર્યમાં સંકળાયલા બધાજ સભ્યશ્રીઓ નો સંસ્થા આભાર માને છે.આ કાર્યમાં આરંભ થી અંત સુધી સક્રીય રીતે જોડાયલા રહેલા સહમંત્રી શ્રી રામકુમાર વર્માજી ને સંસ્થા વિશેષ ધન્યવાદ આપે છે. આ સાધનો ના ઈન્સ્ટોલેશન,સી.એ. ના સર્ટિફિકેટ,સાધનો પર લગાવવાના સ્ટિકર નો ખર્ચ,લારીભાડુ વગેરે મળી સંસ્થાને કેવળ રૂ.૭૨૬૦/-નો ખર્ચ થયેલ છે.

૩ વર્ષ દરમીયાન નીચે મુજબ કડિયા/પ્લંબિંગ/ઈલેકિટ્રકલ કાર્યો કરાવવામાં આવેલ છે.:-નાની ટાંકી છત પર ચઢાવી,એ ઓટલો તોડાવી,પરિસર માં જગ્યા વધારેલ છે.અંડર ગ્રાઉંડ ટાંકી થી મોટી નાની ટાંકી નુ કનેકશન તથા ચોકડી સુધી નળ સુવિધા,નવું વોશબેઝીન અને ટોઈલેટ માં યુરીનલ પોડ મુકાવી તેનું પ્લંબિગ,ગટર પાઈપ નીચે,ચણતર કરી ટેકો આપ્યો,લાઈટ મીટર જી.ઈ.બી ના નિયમો મુજબ બહાર મુકાવ્યું ,પાછા આવેલ ફ્રેમીંગ મીરર ની ફ્રેમ માંથી બે ટેબલ બનાવડાવ્યા, જુના નવા ટેબલે નું રંગકામ.ટાંકીઓ અને ખુરસી વગેરે સામાન ધોવડાવ્યો અને પરિસર માં સફાઈ કામ.આ કાર્યોમાં માલ-સામાન-મજૂરી સહિત લગભગ રૂ.૨૦,૦૦૦/- નો ખર્ચ થયેલ છે.સમગ્ર કાર્ય દરમિયાન શ્રી ચંદ્રકાંત પટેલે,કોરોના કાળમાંઉભે પગે આપેલ સેવા માટે સંસ્થા તેમની આભારી છે.

૪ તા.૧૫.૦૮.૨૦ ના સ્વાતંત્ર્યદિન નિમિત્તે કોરોના પ્રોટોકોલ ના સંપૂર્ણ પાલન સાથે આ વખતે પણ પરંપરાગત રીતે ધ્વજવંદન, રાષ્ટ્રગીતનું અને ઝાંડા ગીતનું ગાન,તથા પ્રમુખશ્રી ના સંદેશ દ્વારા કરવામાં આવી હતી.કોરોના વોરીયર તરીકે પોલીસ ખાતામાંથી પધારેલ પ્રતિનિધિ નું સ્વાગત કરવામાં આવ્યું હતું.

૫ ૨૭.૮.૨૦ ન રોજ,હીરામણી વૃધ્ધાશ્રમ ખાતે ત્યાંના વડીલો અને સ્ટાફ ને પાણીની વોટર બોટલ નું વિતરણ કરવામાં આવ્યું હતુ,જેની ખરીદ થી વહેંચણી સુધી ની વ્યવસ્થા શ્રી રાજેન્દ્રભાઈ રાવળે સંભાળી હતી.(સૌજન્ય શ્રી ઓ.ડી.વોરા. )

૬ સંસ્થાના સ્થાપના દિને, કોરોના ના કારણે પરંપરાગત ઉજવણી શકય ન હોવાથી, બધા સભ્યશ્રીઓ નેઅને શુભેછછકો ને મીઠાઈ ૧૧૦ પેકેટ નું વિતરણ કરવામાં આવ્યું હતું આ કાર્ય નો સંપૂર્ણ ખર્ચ સભ્યશ્રીઓના ફાળા દ્વારા કરવામાં આવ્યો હતો,જે આ પ્રમાણે છે.સર્વશ્રી બીપીનભાઈ જાડેજા-૨૫૦૦/-,ઓ.ડી.વોરા-૨૭૫૦/-પ્રકાશભાઈ શાહ-૨૫૦૦/-અને હવેલી નો મઠડી નો પ્રસાદ,વિજયભાઈ પંચાલ રૂ.૨૨૨૨(બે પૌત્રી ના જન્મ નિમિત્તો),જયદેવભાઈ ૫૦૦/-,રમેશભાઈ તલાટી રૂ૧૦૦/-,ચંદ્રકાંતભાઈ પટેલ રૂ૧૦૦૦/-, રાવલભાઈ પૌત્ર ના જન્મ નિમિત્તે પેંડા નો પ્રસાદ.તમામ દાતા સભ્યો નો ખૂબ ખૂબ આભાર.

૭ જીવનસાથી સહાય યોજનાઃ- કોરોના કાળ દરમિયાન દિવગંત થયેલ સભ્યશ્રીઓ અને અનેક સભ્યશ્રીઓ ના આપ્તજનો ના અવસાન નિમિત્તે જ્યાં શકય બન્યું ત્યાં સંસ્થાના હાદદેદારો કે કારોબારી સભ્યોએ વ્યકિતગત રીત૧ જઈ ડિલસોજી પાઠવી છે.માર્ચ ૨૧ સુધીમાં ત્રણ દિવંગત સ્ભ્યશ્રીઓ ની વિધવાઓ ને જીવનસાથી સહાય યોજના હેઠળ પ્રત્યેક ને રૂ.૫૦૦૦/-લેખે રૂ.૧૫૦૦૦/- ની સહાય ચુકવાઈ છે.( જૂન ૨૧ માં વધુ ૫૦૦૦/- ની સહાય અપાઈ) આ યોજના ના દાતા સભ્યો ની સંસ્થા અ ઉમદા કાર્ય બદલ સંસ્થા સરાહના કરે છે.

૮ આ વખતે ૨૬-૦૧-૨૧ ના ગણતંત્ર દિવસની ઉજવણી કોરોના પ્રોટોકોલ ના સંપૂર્ણ પાલન સાથે પરંપરાગત રીતે ધ્વજવંદન, રાષ્ટ્રગીતનું અને ઝાંડા ગીતનું ગાન,તથા પ્રમુખશ્રી ના સંદેશ દ્વારા કરવામાં આવી હતી.કોરોના વોરીયર તરીકે પોલીસ ખાતામાંથી પધારેલ પ્રતિનિધિ નું સ્વાગત કરવામાં આવ્યું હતું.

૯ કલા સૂર્યા ફાઉંડેશન બોપલ દ્વારા ઝુંપડપટ્ટી ના બાળકો ણે સ્થળ પર જઈ ભણાવવાની કામગીરી કરવામાં આવે છે, જે માટે તે સંસ્ટાા ને આશરે ૧૨૦૦૦/- ના ખર્ચે આ પ્રમાણે સાધનો આપવામાં આવ્યા હતા. ૧ સ્લેટ ૧૦૦ નંગ, ૨ નોટ બુક(ચોપડા)૧૦૦, ૩ પેન્સિલ ૩૫ બોક્સ(૩૫૦ નંગ) ૪ સ્લેટ ની પેન ૧૦ બોક્સ,૫ પેન ૧૦૦ નંગ,૬ રબ્બર-શાર્પનર,નાની ફૂટપટ્ટી-સ્ટેશનરી પાઉચ-દરેક વસ્તુ ૧૦૦ નંગ,૭ માર્કર અને ડશ્ટર બંને ૨૦-૨૦ નંગ. કલા સૂર્યા ફાઉંડેશન બોપલ ના સંચાલક સંગીતાબેન ને આ બધી સામગ્રી ૨૬-૧-૨૧ ના ગણતંત્ર દિને આપવામાં આવી હતી.(સૌજન્ય શ્રી ઓમપ્રકાશ વોરા અને શ્રી પ્રકાશભાઈ શાહ.

૧૦ કોરોના ની પરિસ્થિતિ માં માત્રછાયા કિલનિક ની પાસેથી ફિઝીઓથેરેપી ના સાધનો પાછાા મલ્યા હતા.નહીં મળેલ એક સાધન ની બુક વેલ્યુ, તેમની સિકયોરિટી ડિપોઝિટ માંથી અને બાકીની રકમ રોકડા ભરાવી વસુલ કરવામાં આવી હતી.

૧૧ વર્ષ દરમીયાન સંસ્થા એ રૂ.૧૨૧૦૦૦/- ની નવી ફિક્સ ડિપોઝિટ બેંક ઓફ બરોડા માં કરાવેલ છે.

૧૨ કોરોના કાળ માં પણ સંસ્થા ના હાદદેદારો ને કારોબારી સભ્યો સતત કાર્યશીલ રહયા હતા.વર્ષ ૧૯-૨૦ ના હિસાાો સમયસર બનાવી, ઓડિટ કરાવી કારોબારી માં મંજુર કરી ચેરીટી કમિશ્નરશ્રી ને મોકલી અપાયા હતા.ત્યાર બાદ પણ તા.૯.૭.૦૧,૧૫.૮.૨૦,૧૭.૦૧.૨૧,૨૬.૧.૨૧,અને ૧૮.૩.૨૧ (ટેલીફોનિક) ના રોજ કારોબારી સંમિતિ ની બેઠક મળી હતી.તા.૧૮.૩.૨૧ ની બેઠક કોરોના ની બગડતી જતી સ્થિતિ ને કારણે ફોન દ્વારા યોજી, તેમાં વર્ષ ૨૧-૨૨ ની વાર્ષિક સભ્યપદ ફી ૨૫ ટકા ઘટાડી રૂ૩૦૦/-કરવા નિર્ણય લેવાયો હતો, અને સભ્યોને રિન્યુઅલ ગિફ્ટ આપવાની વ્યવસ્થા કરવા નિર્ણય કર્યો હતો.(આ નિર્ણય અન્વયે ઘરમ ઠંડા શેક ની થેલી ની આશરે રૂ ૨૦૦/-ની રિન્યુઅલ ગિફ્ટ ની દાન દ્વારા વ્યવસ્થા કરાયેલ છે. ગત વર્ષ ની જેમ વર્ષ ૨૦-૨૧ માં પણ દરેક કારોભારી સભ્યે રૂ.૧૦૦૦/- ને ફાળો સ્સ્થા ને આપેલ છે.

૧૩ ફેબ્રુઆરી માસમાં થયેલ કોર્પોરેશન ચૂંટણી માંચુંટાઈ આવેલ ચાંદખેડા વોર્ડના જનપ્રતિનિધિઓ નું સંસ્થાના પ્રતિનિધિઓ એ વ્યકિતગત મુલાકાત લઈ અભિવાદન કર્યુ હતું

૧૪ વર્ષ ૨૦-૨૧ દરમિયાન સભ્ય સંખ્યા મા ફેરફાર.:-સભ્યપદ રિન્યુ કરાવેલ નથીઃ- ૧ભુપેન્દ્રભાઈ આર.રાવલ.૨શ્રી ગણેશભાઈ એન. ચૌહાણ ૩ શ્રી કીરીટભાઈ બી.દરજી ૪શ્રી બાલકૃષ્ણ એ સ્હેગલ ૫ શ્રી ઈશ્વરશરન એસ કૂરૂશ્રેષ્ઠ ૬ શ્રી રમેશચંદ્ર રતીલાલ મહેતા.

દુખદ અવસાન ને કારણેઃ-૧શ્રી શ્રેષ્ઠનારાય્અણ સિંહ જુગલસિંહ ૨ શ્રી નરેન્દ્રસિંહ એન.ચૌહાણ ૩ શ્રી ગોવિંદભાઈ ગોકલદાસ શાહ ૪ શ્રી અમૃતલાલ મગનલાલ પારેખ ૫ શ્રી ચીમનભાઈ ગફુરભાઈ રાઠોડ ૬ શ્રી બાબુભાઈ કે પરમાર ૭ શ્રી રસિકલાલ ઈશ્વરલાલ પંડિત.

૩૧.૩.૨૧ ની સભ્ય સંખ્યાઃ- આજીવન ૮ -વાર્ષિક ૮૭ ટોટલ ૯૫.કોરોના ની પરિસ્થિતિ ને લીધે વર્ષ ૨૦-૨૧ માં કોઈ નવા સભ્યો ને લીધેલ નથી.

આપણે વિદાય થયેલા બધાજ સભ્યશ્રીઓને સંસ્થાના વિકાસ અને કાર્યોમાં તેમના બહુમુલ્ય ફાળા માટે બીરદાવીએ છીએ , તમામ સદગતસભ્યશ્રીઓને શ્રધ્ધાજંલિ આપીએ છીએ, તથા તમામ નવા સભ્યશ્રીઓનુ સંસ્થા પરિવારમાં સ્વાગત કરીએ છીએ.

૧૫ આવતા વર્થ ને વાતઃ- કોરોના ની ચાલુ પરિસ્થિતિ ને કારણે ૨૦-૨૧ નું આખું વર્ષ સંસ્થાની રોજબરોજ ની કામગીરી બંધ રહી,અને હાલ પણ બંધ છે.આમ છતાં આપણે સ્થિતિ સામાન્ય થતાંજ સંસ્થા ને ચાલુ કરવા પ્રયત્નશીલ છીએ.વર્ષ ૨૧ ના સપ્ટેંબર માં આપણી વર્તમાન કારોબારી ની મુદત પૂરી થાય છે,પણ કોરોના મહામારી ની ત્રિજી લહેર અંગ કેન્દ્ર અને રાજય સરકારશ્રી અને નિષ્ણાતો દ્વારા અપાતી ચેતવણીઓ ને જોતાં અને વરિષ્ઠ નાગરિકો ને રહેલ વિશેષ જોખમ ને ધ્યાન માં રાખીન આગામી કારોબારી ની રચના નો નિર્ણય પણ,આગામી સામાન્ય સભા માં લેવાનો આપણો પ્રયત્ન રહેશે,જેથી સંસ્થાનો વહીવટ નિર્વિઘ્ને ચાલતો રહે.

૧૬ સમાલોચનઃ- અંતમાં, આ દ્વિવાર્થિક અહેવાલની સમાલોચન માં એટલુંજ કહેવાનું કે,આ અહેવાલમાં ગત બે વર્ષની મુખ્ય પ્રવૃત્તિઓ, અને આપણી સમક્ષનાં ભાવિ પડકારોને વાચા અપાઈ છે.પ્રવૃત્તિમય ૧૩માં વર્ષ અને ને કોરોના મહામારી ને કારણે પ્રવૃત્તિઓ માટે અવરોધરૂપ બનેલા ૧૪ માં વર્ષ પછી ૧૫ આપણે આગળ વધી રહયાં છીએ ત્યારે, સભ્યશ્રીઓ, સમાજ, સરકાર,અને તમામ શુભેચ્છકો, તથા દાતઓના સહારે આ સંસ્થા આગળ વધતી રહેશે એવી અમને શ્રધ્ધા અને આશા છે.ગત બંને વર્ષ દરમીયાન મંડળની પ્રવૃત્તિઓ અને, પ્રગતિમાં જે સભાસદ ભાઈઓએ, કારોબારીના સભ્યોએ, હોદદેદારોએ,કે બહારની વ્યકિતઓ/સંસ્થાઓએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સેવાથી, દાનથી,કે અન્ય રીતે જે કાંઈ મદદ કરીછે, તે સર્વેનો અમે મંડળ તરફથી અને અંગત રીતે પણ આભાર માનીએ છીએ અને ભવિષ્યમાં પણ આપ સૌ નો આવોજ સાથ સહકાર મળી રહેશે તેવી અપેક્ષા રાખીએ છીએ. સાથેજ સંસ્થા, સભ્યો અને સમગ્ર માનવજાત સામે ઉભી થયેલી કોવીદ-૧૯ ની વિકટ પરિસ્થિતિનો જલ્દી અંત આવે એવી પરમ કૃપાળુ પરમાત્મા ને પ્રાર્થના કરીએ છીએ.

૧૭ અમારી કાર્યપધ્ધતિ, વર્તન,કે વ્યવહારમાં કોઈ ઉણપ કે ખામી રહી ગઈ હોય, અને તે કારણે જાણ્યે અજાણ્યે જો કોઈની લાગણી દુભાઈ હોય તો અમે ક્ષમાં માંગીએ છીએ.

સૌના આભાર અને ધન્યવાદ સહ,

| | | |
|---|---|---|
| પ્રકાશભાઈ શાહ | રાધેશ્યામ બી અગ્રવાલ/ઓમપ્રકાશવોરા | બીપીન સી જાડેજા |
| મંત્રીશ્રી | ઉપપ્રમુખશ્રીઓ | પ્રમુખશ્રી |

તથા તમામ હોદદેદારો ન ` કારોબારી સભ્યો.